# ઊંઝા પંથકમાં ડીઝલ અને રાંધણ ગેસના ભાવ વધારાનો વિરોધ પ્રદર્શન

ઊંઝા, તા. ૧૪

કેન્દ્ર સરકારે ડીઝલના ભાવમાં કરેલ વધારો તેમજ રાંધણગેસના સિલિન્ડર આપવાની સંખ્યા મર્યાદિત કરી દેતાં સરકારના આ નિર્ણય સામે આમ જનતામાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

ગઈકાલે કેન્દ્ર સરકારે ડીઝલના ભાવમાં અચાનક પાંચ રૂપિયાનો કમરતોડ વધારો ઝીકી દીધો છે. આ સાથે ઘરેલુ રાંધણગેસના સિલિન્ડર જે ૨૧ દિવસ બાદ મળતા હતા તેમાં કાપ મુકીને વર્ષમાં સબસીડાઈ સિલિન્ડર ફક્ત છ જ આપવાની સંખ્યા મર્યાદિત કરીને વધારાના સિલિન્ડર માટે રાહત વગર બજાર ભાવે ઊંચા દામમાં મેળવી શકાશે. તેવો નિર્ણય કરતા વર્તમાન કાળઝાળ મોંઘવારીના સમયમાં લોકોને પડ્યા પર પાટુ મારવા જેવી સ્થિતિ ઉભી થતાં સરકારની નીતિરિતી સામે લોકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે.

હાલ સામાન્ય ગરીબ અને મધ્યમ વર્ગના માનવીઓ અસહ્ય મોંઘવારીના બોજા તળે દબાઈને પીસાઈ રહ્યા છે. લોકોને કુટુંબનો જીવનનિર્વાહ ચલાવવો અતિ મુશ્કેલ થઈ પડ્યો છે ત્યારે આવા કપરા સમયમાં સરકારે ડીઝલના ભાવ વધારતાં તેમજ રાંધણગેસના સિલિન્ડરની સંખ્યામાં કાપ મુકીને લોકોની પરેશાની વધારી દીધી છે તેવું લોકોમાં બોલાય છે. હાલ અનાજ, કઠોળ, ખાદ્યતેલ,શાકભાજી સહિતની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં કમરતોડ વધારો થયો છે ત્યારે સરકારે ઉપરોક્ત નિર્ણય લઈને મોંઘવારી વધુ ને વધુ વધે તેવી કપરી સ્થિતિનું નિર્માણ કર્યું છે.



**બાયડ ધનસુરા તાલુકાના મંડપ એસોસિએશનનું પ્રથમ અધિવેશન યોજાયું**

બાયડ ધનસુરા તાલુકાના મંડપના એસોસિએશનનું પ્રથ મ અધિવેશન ગતરોજ ગુરૂદેવ કોલ્ડ સ્ટોરેજ ખાતે રાખવામાં આવ્યુ હતું. જેમાં ઉપસ્થિત હાજર મહેમાનોમાં શ્રી જગદીશભાઈ પી.પટેલ, બાયડ નગરપાલિકા પ્રમુખના વરદ હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યુ હતુ અને તેમાં નવા વરાયેલા હોદ્દેદારોમાં પ્રમુખ સ્થાને શ્રી સતપાલ અરોરા, ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ શાહ, મંત્રી મહેશભાઈ એન. પટેલ, સહમંત્રી જાકીરભાઈ મન્સુરી, ખજાનચી મનોજ અરોરા, સહખજાનચી કૌશીક પી. પટેલની નીમણુક કરવામાં આવી હતી. આ નીમણુકને બાયડ ધનસુરા તાલુકા મંડપ એસોસીએશનના સભ્યોએ વધાવી લીધી હતી. (તસવીર : સમીર બલોચ)

## ધનસુરા માર્કેટ યાર્ડમાં ડીરેક્ટર તરીકે વરણી

ધનસુરા, તા. ૧૪

ધનસુરા માર્કેટ યાર્ડના ડીરેક્ટર તરીકે ધનસુરા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર-૨૭ના અપક્ષ બિન હરીફ ચુંટાયેલા નરેશભાઈ પોહારની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. ધનસુરાના સરપંચ ત્રિવેણીબેન પટેલ, ડે. સરપંચ કાન્તીભાઈ પટેલ તેમજ સર્વે સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

## હિન્દુપુરાના આધેડે ઝેરી દવા ગટગટાવી

ધનસુરા, તા. ૧૪

ધનસુરા તાલુકાનાં હિન્દુપુરા ગામના ૫૦ વર્ષીય સરદારભાઈ મગનભાઈ તરારે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવતાં તાત્કાલિક ધનસુરા રૈફરલ હોસ્પિટલમાં લાવતા ફરજ ઉપરના ડૉક્ટરે ટ્રીટમેન્ટ આપી વધુ સારવાર અર્થે મોડાસા હોસ્પિટલમાં મોકલવામાં આવેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સામાન્ય બોલાચાલી બાબતે લાગણીશીલ થઈ ઝેરી દવા ગટગટાવી આત્મહત્યા કરવા સુધીની ઘટનાઓ વધવા લાગી છે. સહનશક્તિનો સ્પષ્ટ અભાવ યુવાનો સાથે હવે આધેડે પણ ઘર કંકાસથી કંટાળી આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો હતો.

# બાયડ પોલીસ સ્ટેશનના સેકન્ડ પી.એસ.આઈ રાઠોડની જોહુકમીથી જનતા ઉગ્ર રોષ

બાયડ, તા.૧૪

સામાન્ય રીતે કહેવત છે કે ખાખી વર્દીવાળા માણસો નગરના લોકોની સુરક્ષા માટે હોય છે. પરંતુ જો આ રક્ષક દ્વારા જ પ્રજાને કનડગત થાય તો જનતાનો હાલ જાય તો જાયે કહા જેવો થઈ જાય છે.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર બાયડ શહેરમાં જયારથી સેકન્ડ પી.એસ.આઈ. રાઠોડનું પોસ્ટીગ થયુ છે ત્યારથી શ્રીમાન રાઠોડ બાયડ નગરની જનતા પર પોતે ફર્સ્ટ પી.એસ.આઈ. હોય તેવો રૂઆબ જમાવવાની કોશીષ કરી રહયા છે. ત્યારે ગઈકાલે રાત્રે જયશેકુમાર કાન્તીભાઈ રાવળ પોતાના કબજા હેઠળની ટેમ્પો ટેકસ ગાડી લઈ ગઈકાલે રાત્રીના સમયે ડીઝલનો ભાવ વધતા હોઈ અને વહેલી સવારે રણુંજા જવાનુ હોઈ બાયડ પેટ્રોલ પંપ ઉપર ડીઝલ ભરાવવા આવ્યા હતા તે સમય દરમ્યાન સેકન્ડ પી.એસ આઈ. રાઠોડ રાત્રી પટ્રોલીગમાં હતા અને આવીને જયેશભાઈની પુછપરછ કરતાં જયેશભાઈ જોડે ગાડીના કાગળોની માંગણી કરી હતી.

જયારે જયેશભાઈએ કહયુ કે સાહેબ કાગળો હું પાંચ મીનીટમાં ઘરેથી લાવીને રજુ કરી દઉ છું, ત્યારે જયેશભાઈ રાવળની રજુઆત સાંભળ્યા વગર તેમને અપશબ્દો બોલીને ગાડી ડીટેઈન કરી દીધી હતી. તો આવા જ એક બીજા કીસ્સામાં રાત્રીના સમય દરમ્યાન સૈયદ ઈકતીયાર અલી પોતાના સંબંધીને મુકવા શૉ રૂમની ગાડી લઈ બસ સ્ટશેને મુકવા આવ્યા હતા. ત્યારે તેની પણ રજુઆત સાંભળ્યા વગર તેને પણ અપશબ્દો બોલી મેમો આપી દઈ ખાખી વર્ધીનો રૂઆબ બતાવાની કોશીશ કરી હતી. ત્યારે બાયડ નગરની જનતા શ્રીમાન રાઠોડને પ્રશ્ન પુછી રહી છે કે બાયડ શહેરમાં બેરોકટોક ટ્રાફીકનું ઉલ્લંઘન કરી જે વાહનો ફરે છે તે દેખાતા નથી કે પછી શું ? કે તેમના તરફથી કોઈ ગોઠવણ કરવામાં આવી છે.

જયારે બાયડ નગરમાં હાલમાં પણ દારૂના અડ્ડા ખાનગીમાં ધમધમી રહયા છે શું તે પણ નથી દેખાતા ? ત્યારે હાલ તો બાયડ નગરની જનતા એવુ ઈચ્છી રહી છે કે આ અંગે જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા બાયડ નગરની જનતાને આ સેકન્ડ પી.એસ.આઈ. રાઠોડના નકામી કનડગતમાંથી મુકત કરાવે તેવું ઈચ્છી રહી છે.

# ડીસામાં રખડતી ગાયોના ત્રાસથી જનતા ત્રાહિમામ

ડીસા, તા. ૧૪

ડીસા શહેરમાં રખડતી ગાયોના ત્રાસ અંગે વારંવાર અખબારોમાં સમાચાર પ્રસિદ્ધ થાય છે. વેપારીઓ અને વાહનચાલકો ત્રાહિમામ પોકારી રહ્યા છે પરંતુ રખડતી ગાયોનો પ્રશ્ન હલ કરવામાં નગરપાલિકાને ભય સતાવતો હોય તેમ કોઈપણ પ્રકારની કાર્યવાહી કરાતી નથી. જેના કારણે ચોમાસા દરમ્યાન હજારો ગાયો પાકી સડકો પર ગોઠવાઈ જતાં લોકો પરેશાન થઈ ઉઠ્યા છે.

ડીસા શહેરમાં થોડા મહિના અગાઉ નગરપાલિકાએ રખડતી ગાયોને પકડી હતી અને જાહેરાત કરી હતી કે આ ઝુંબેશ કાયમ ચાલુ રહેશે અને ગાયો રખડતી મુકનાર માલિકો સામે સખ્ત કાર્યવાહી હાથ ધરાશે. પરંતુ પ્રમુખે કરેલી જાહેરાત ચાર દિવસ કી ચાંદની ફીર અંધેરી રાત સાબિત થઈ છે. કેમ કે રખડતી ગાયોની સ્થિતિ એની એજ રહેવા પામી છે. હાલમાં વરસાદી માહોલ ચાલુ હોવાથી ગાયના માલિકો ગાયો બાંધતા જ નથી અને છોડેલી રાખે છે. જેના કારણે માર્ગો રખડતી ગાયોથી ઉભરાઈ રહ્યા છે. આ ગાયો વિદ્યાર્થીઓ, રાહદારીઓ અને વાહનચાલકોને અડફેટે લઈ રહી છે ત્યારે નગરપાલિકાએ આ બાબતની સત્વરે નોંધ લઈ રખડતી ગાયોની સમસ્યા હલ કરે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે.

## ધનસુરામાં સતત વરસતા વરસાદથી ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા

ધનસુરા, તા.૧૪

ધનસુરા તાલુકામાં સતત અઠવાડિયાથી વરસતા વરસાદને કારણે ચોમાસુ ખેતી નિષ્ફળ જવાનો ભય ખેડુતોને સતાવી રહ્યો છે. તો બીજી બાજુ આજુબાજુના ગામડાના ખેડુતોનો કઠોળનો પાક નિષ્ફળ જતાં ખેડૂતો કફોડી હાલતમાં મૂકાયા છે.

સતત વરસાદના કારણે ચોમાસુ ખેતી નિષ્ફળ જવાનો ભય ખેડુતોમાં છે. ખેડુતોના મોઢામાં આવેલો કોળીયો ઝુટવાઈ જતાં ખેડુતો મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે.

ધનસુરાના હાજરીકંપા ગામના ખેડૂત દેસાઈભાઈ પટેલના જણાવ્યા મુજબ કંપાના ખેડુતોની ૮૦૦ વીઘા જમીનમાં મગ, મઠ, અડદ,તલ, દિવેલા અને મગફળીનો પાક તદન નિષ્ફળ ગયો છે તેમજ ૫૦૦ વીઘામાં કરવામાં આવેલું કપાસનું વાવેતર ૫૦ ટકા નિષ્ફળ ગયું છે. તેમજ વરસાદ વિરામ ના લેતા બાકીનો પાક પણ નિષ્ફળ જવાનો ભય રહેલો છે. સરકાર દ્વારા સર્વે કરી ખેડૂતોને રાહત મળે તેવી લોકોની માંગણી છે.




**લીઓ કલબ બાયડના ઉપક્રમે વ્યસન મુક્તિ તથા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

બાયડ તાલુકાની પાલડી પ્રાથિમક શાળામાં શિક્ષક દીન નીમીત્તે લીઓ કલબ બાયડ દ્વારા વૃક્ષારોપણ તેમજ વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાઈ ગયો. લીઓ કલબ બાયડના પ્રમુખ પંકજ બી. પરમાર અને તેમના સભ્યો દ્વારા શાળાના તમામ બાળકોને ગુટખા તમાકુ જેવા વ્યસનોથી મુકત રહેવા માટેના શપથ લેવડાવ્યા હતા તથા શાળાના બાળકોને વ્યસનથી થતા કેન્સર જેવી બીમારીઓની ચર્ચા કરી હતી. આ પ્રસંગે આબલીયારા કેળવણી નીરીક્ષક શ્રી જશુભાઈ પટેલ, લીઓ ખજાનચી લાયન્સ તથા જાયન્ટસના હોદેદારો તેમજ બાયડ તાલુકા પ્રાથમીક શિક્ષણ સંઘના પુર્વ પ્રમુખ, ઉપપ્રમુખ, બીટ આચાર્ય તથા બાયડ જાયન્ટસ સહેલીના મંત્રી ભારતીબેન સોની તથા શાળાના આચાર્ય ધર્મેશભાઈ સોની ઉપસ્થિત રહયા હતા. (તસવીર : સમીર બલોચ)

# હત્યાના ગુનાનો પે રોલ પર ગયેલો કૈદી બે વર્ષથી નાસતો ફરતો પકડાયો

### તલોદના તોરણીયા ગામે હત્યાનો કૈદી ચોકીદાર તરીકે નોકરી કરતો હતો

હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ટાઉન પોલીસ મથકના વર્ષ ૧૯૯૯માં હત્યાના ગુનામાં અમદાવાદ સજા કાપી રહેલ કદી પે રોલ પર પુત્રના લગ્ન પ્રસંગે આવેલ ત્યાર પછી બે વર્ષથી નાસતો ફરતો હતો જેને શુક્રવારના રોજ આરઆરસેલ ગાંધીનગરે તલોદના તોરણીયા ગામેથી પકડી પાડી હિંમતનગર ટાઉન પોલીસ મથકે સોંપ્યો હતો. આ અંગેની વિગત આપતા હિંમતનગર ટાઉન પોલીસ મથકના પી.એસ.આઈ. કે.આર. પરમારે જણાવેલ કે હિંમતનગર પોલીસ મથકના વર્ષ ૧૯૯૯માં મહેસાણા જિલ્લાના વિજાપુરનો રહેવાસી (ડફેર સિંધી) કાલુખાન પરિયાખાન ઉર્ફે ચિનુખાન અજીજખાન બલોચ હત્યાના ગુનામાં હતો જેને વર્ષ ૨૦૦૧માં ૨૦ વર્ષની સજા થતા અમદાવાદ મધ્યસ્થ જેલમાં સજા કાપી રહ્યો હતો. દરમિયાન આ કૈદી વર્ષ ૨૦૧૦માં તેના પુત્રનું લગ્ન હોવાના કારણે પેરોલ પર ઘરે આવેલો ત્યાર પછી તે પરત જેલમાં હાજર થયો ન હતો અને બે વર્ષથી નાસતો ફરતો હતો જે સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના તોરણીયા ગામના કાન્તિભાઈ મુખીના ખેતરમાં ચોકીદાર તરીકે નોકરી કરતો હતો. જે કૈદી અંગે આરઆરસેલ ગાંધીનગરને બાતમી મળી હતી જેથી શુક્રવારના રોજ બપોરના આરઆરસેલ ગાંધીનગરના દેવુસિંહ પરમાર, ભાનુભાઈ ભરવાડ અને વિરેન્દ્રસિંહ એ (ડફેર સિંધી) કાલુખાન પરિયાખાન ઉર્ફે ચિનુખાન અજીજખાન બલોચને તોરણીયા ગામેથી પકડી પાડી હિંમતનગર ટાઉન પોલીસ મથકે સોંપ્યો હતો.

**ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી., જૂનાગઢ**

હે.ઓ. ચંદ્રકાન્ત માલવિયા સ્મૃતિ ભવન, ચોકસી બજાર, જૂનાગઢ-૩૬૨૦૦૧

**ખાસ સાધારણ સભાની નોટીસ**

ધી જૂનાગઢ કોમર્શીયલ કો-ઓપરેટીવ બેંક લી., જૂનાગઢના તમામ સભાસદોને આથી જાણ કરવામાં આવે છે કે, આપણી બેંકની ખાસ સાધારણ સભા તા. ૨૨-૯-૨૦૧૨ને શનિવારના રોજ સાંજના ૬-૩૦ કલાકે તારાચંદ ભાભા હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, મહાલક્ષ્મી સ્ટ્રીટ, જૂનાગઢ મુકામે નીચેના કામકાજો હાથ ધરવા માટે બોલાવવામાં આવેલ છે. તો સર્વે સભાસદોએ હાજર રહેવા વિનંતી.

**કાર્યસૂચિ**

૧. ગત તા. ૩૦-૬-૨૦૧૨ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીની નોંધને વંચાણે લઈ બહાલી આપવા અંગે.
૨. તા. ૩૦-૬-૨૦૧૨ના વાર્ષિક સાધારણ સભામાં મંજુર થયેલ વાર્ષિક હિસાબો આર.બી.આઈ.ના સૂચન મુજબ સુધારતા પુનઃ મંજુરી અર્થે.
૩. પેટા નિયમ નં. ૧(ક), ૧ (ડ), ૫(બ), ૮(અ)(૫), ૮ (ફ)(૫)માં સુધારાઓ મંજુર કરવા અંગે.
૪. અન્ય જે કાંઈપણ પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે...

સ્થળ : જૂનાગઢ — બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના આદેશથી

સહી/-
(રાજેશ જે. મારડીયા)
મેનેજર

**નોંધ :**

૧. કોરમના અભાવે મુલત્વી રહેલી ખાસ સાધારણ સભા, અડધા કલાક બાદ તે જ દિવસે, તે જ સ્થળે, કાર્યસૂચિ મુજબના કામકાજ હાથ ધરવા માટે મળશે. જેમાં કોરમનો બાધ ગણાશે નહીં.
૨. સભાસદોએ સને ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ બેંકમાંથી મેળવી લેવા વિનંતી.
૩. બેન્કે જાહેર કરેલ ડીવીડન્ડ જે સભાસદો બેન્કમાં ખાતા ધરાવતા હશે તેને તેઓના ખાતામાં જમા આપવામાં આવશે, જ્યારે અન્ય સભાસદોએ ડીવીડન્ડ વૉરંટ બેન્કમાંથી રૂબરૂ મેળવી લેવાના રહેશે. આ જાહેર કરેલ ડીવીડન્ડ તા. ૩૧-૩-૨૦૧૪ સુધીમાં મેળવી લેવામાં નહીં આવે તો બેંકના પેટા નિયમ મુજબ અનામત ભંડોળ ખાતે જમા લેવામાં આવશે.

## પ્રાંતજ ખાતે નવીન સી.એચ.સી. સેન્ટરનું ખાતમુહૂર્ત કરાયું

પ્રાંતિજ, તા. ૧૪

પ્રાંતિજ તાલુકાના પ્રાંતિજ નેશનલ હાઈવે પાસે આવેલ સરકારી સી.એચ.સી. સેન્ટર, બ્લોક હેલ્થ સેન્ટર અને સ્ટાફ ક્વાટર્સને અદ્યતન અને નવીન મકાન બનાવવા રાજ્ય કાના મંત્રીઓના હસ્તે આજે ખાત મુહૂર્તવિધિ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાં પ્રાંતિજ નેશનલ હાઈવે પર આવેલ સરકારી સી.એચ.સી. સેન્ટરમાં આવતા ગરીબ અને ગ્રામ્ય દર્દીઓને વધારેમાં વધારે સેવાઓ મળી રહે તે માટે પ્રાંતિજ તાલુકાના ધારાસભ્ય અને શિક્ષણ પ્રધાન જયસિંહ ચૌહાણ તેમજ આરોગ્ય પ્રધાન પરબતભાઈ પટેલના હસ્તે અંદાજે ૨ કરોડના ખર્ચે તમામ તબીબી ઉપયોગી સુવિધાયુક્ત નવીન મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ નવીન મકાનમાં સરકારી સી.એચ.સી. સેન્ટર,૫૦ બેડની પથારી ધરાવતુ બ્લોક હેલ્થ સેન્ટર તથા સ્ટાફ ક્વાર્ટર જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે.

આ પ્રસંગે હમલત્તાબેન પટેલ, દિપસિંહ રાઠોડ, જયેન્દ્રસિંહ રાઠોડ, ઉષાબેન, આશાબેન શાહ, અંબાલાલ પ્રજાપતિ સહિત અનેક અધિકારી અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## વીરપુર ગામની સીમમાં ચોરી

હિંમતનગર, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકના વીરપુર ગામની સીમમાં આવેલ પાણી પુરવઠાના સ્ટોરના ખુલ્લા શેડ નીચેથી ગુરુવારના રોજ ૧ થી ૬ વાગ્યાના સમયમાં કોઈ ચોર ઈસમ બીડના જોઈન્ટ નાના મોટા મળી ૨૫૪ નંગ અને ૩૫ એમએમનો પીવીસી ફલેટ વાયર મીટર મળી કુલ રૂ. ૨૫ હજારનો મુદ્દામાલ ચોરી કરી લઈ ગયાનું માલુમ પડતાં પાણી પુરવઠા બોર્ડના નાયબ કાર્યપાલક ઈજનેર રમેશભાઈ ઓમકારેશ્વરમએ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથક ગુરુવારના રોજ સાંજે ફરિયાદ નોંધાઈ હતી.

# દાંતા ઉપરથયાત્રાનો દાંતા વિસ્તારમાં ઉમળકાભેર આવકાર

### દાંતા તાલુકાના વિવિધ વિસ્તારમાં ફરીને આ ઉપયાત્રા ૧૬મીએ સાંજે અંબાજી પહોંચશે

પાલનપુર, તા. ૧૪

આજે દાંતા ઉપરથયાત્રા જિલ્લા કોષાધ્યક્ષ ડૉ. ગણેશભાઈની આગેવાની હેઠળ ભેમાળથી શરૂ થઈને વજાસણા ગોધાણી ટુડીયા ચાર રસ્તા ગઢમહુડી, ચોરાસણ, ગોરાડ, રંગપુર, ભચડીયા, અડેરણ, જીતપુર, વિજસણ, ઘંટોડી, સોળસંડા કોયલાપુરથી માંકડી ખાતે રાત્રી રોકાણ કરેલ.

જુદા જુદા ગામોના ગ્રામજનો ઉમળકાભેર આ ઉપરથયાત્રાનું સ્વાગત કરેલ સાથી ભાજપ કાર્યકર્તાઓએ ગુજરાત સરકારે નરેન્દ્રભાઈ મોદીની આગેવાની કરેલ વિકાસ ગાથાથી ગ્રામજનોને પરિચિત કર્યા હતા. તેમજ વિશેષ પ્રચાર સાહિત્ય યુવાનોને વિતરણ કર્યું હતું. દરેક ગામે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ યાત્રામાં જિલ્લા ભાજપના કોષાધ્યક્ષ ડૉ. ગણેશભાઈની સાથે દાંતા તાલુકા પ્રમુખ જવાનજી ઠાકોર, મહામંત્રી રમેશભાઈ દવે, દશરથસિંહ બારડ, દાંતા યુવા ભાજપના અશ્વિનભાઈ મેવાડા, કેશાજી ઠાકોર, મેલાભાઈ રાવલ અને મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તા સાથે જોડાયા હતા. તેમ જિલ્લા મીડીયા સેલ કન્વીનર રમણલાલ બારોટ અને સહકન્વીનર કેશવપુરી ગોસ્વામીની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

## કાલીયાકુવા નજીકથી વિદેશી દારુ સાથે બાઈક પકડાઈ

મેઘરજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકાના કાલીયાકુવા ગામ નજીક ગુરુવારના રોજ બપોરના ૧૧.૩૦ વાગેના સમયે મેઘરજ પોલીસ નાકાબંધીમાં હતી ત્યારે રાજસ્થાન તરફથી નંબર વગરની બાઈક પર ગુજરાતમાં આવતો વિદેશી દારુ અને બીયર મળી ૨૫૨ નંગ કિંમત રૂ. ૨૭ હજાર ૬૦૦ અને નંબર વગરની બાઈક કિંમત રૂ. ૪૦ હજાર બાઈક ચાલક પોલીસને દેખતા મુકીને નાસી ગયેલ જે પોલીસે કબજે લઈ તેના વિરુદ્ધ મેઘરજ પોલીસ મથકે ગુનો ગુરુવારના રોજ નોંધી ઈસમને પકડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES | APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૮૯

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન